| | | |
|---|---|---|
| वर्ष : १७ | सने : २०२१ | सं.२०७७ |
| अंक : १२, | સળંગ અંક-૧૦૮ | जेठ-जून |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૭ સને ૨૦૨૧ સં.૨૦૭૭
અંક : ૧૨ જેઠ જૂન સળંગ અંક-૧૦૮

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની કલમે...
★ અહો નવકાર !!! - ૩
★ પ્રશ્નોત્તરસુધા
★ જગતપિતા જગડૂશા - ૩
★ ઉન્માર્ગનો પરિત્યાગ...૨
★ પત્ર પરિચય


## આર્ષવાણી

**जाइं एगं मुंचंतो,**
**अवरं जाइं तहेव गिण्हंतो ।**
**भमइ चिरमविरामं,**
**भमरोव्व जीओ भवारामे।।**

એકેન્દ્રિયાદિ એક જાતિને છોડતો અને બીજીજાતિને ગ્રહણ કરતો જીવ, ભમરાની જેમ સંસાર બગીચામાં લાંબા સમય સુધી સતત ભમ્યા કરે છે.

જગતમાં એવી કોઈ ભૂમિ (જગ્યા) શુદ્ધ નથી, કે જ્યાં જીવોએ ભિન્ન ભિન્ન કર્મરૂપી નેપથ્ય- વસ્ત્રો પહેરી (બહુરૂપી બની) નાટક ન કર્યું હોય !





-'નાનો બાળક જેમ આબરૂની કિંમત, ઝવેરીના મોતીના પાણીને જેમ ભરવાડ, રૂપની વિશેષતાને જેમ આંધળો, સંગીતની મજાને જેમ બહેરો, ભૂંડ જેમ દેવલોકનાં સુખને સમજી શકતો નથી; તેમ પુદ્ગલાનંદી મોક્ષના સ્વરૂપને કે આનંદને સમજી શકતો નથી.' - **પૂ.ગુરુદેવ આ.ભ.શ્રીમદ્વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**વિવેચન :** જગતના જીવોને વિવિધ દષ્ટિકોણથી, વિવિધ વિભાગમાં વહેંચી શકાય છે. તેમને બે વિભાગમાં પણ વહેંચી શકાય.

આત્માનંદી તે છે કે, જેમને આત્મામાં, આત્માના ગુણોમાં, આત્મોત્થાનની ક્રિયામાં જ વધુ રસ છે. વધુ એટલા માટે કહેવાય છે..સંસારની, શરીરની, પરિવારની ખાવા-પીવાદિની ક્રિયાઓ તો એ પણ કરે જ છે પરંતુ એ ક્રિયાઓ વ્યવહારથી કરે છે. તે ક્રિયાઓમાં તેને પ્રીતિ નથી હોતી. તે ક્રિયાઓને તે હરગીજ સારી માનતો નથી. આત્મકલ્યાણની ક્રિયાઓમાં તેને રસ હોવાથી તે ક્રિયાઓ દિલ દઈને કરે છે. તેની સંસારની ક્રિયાઓ નીરસ હોય છે, તે તેને વેઠ ઉતારવા જેવી લાગે છે. ખાવા-પીવા, ન્હાવા-ધોવાની, વ્યાપાર-ધંધાની..આ બધી ક્રિયાઓ - પ્રવૃત્તિઓ કરવામાં તેને પાપનો બંધ અને દુર્ગતિઓનો માર્ગ દેખાય છે. જ્યારે ધર્મની, મોક્ષપ્રાપ્તિની જ્ઞાની ભગવંતોએ બતાવેલી, તીર્થંકર ભગવંતોએ વિહિત કરેલી પ્રવૃત્તિમાં લીનતા જોવા મળે છે. એનાં મીઠાં-મધુર પરિણામો દષ્ટિ ગોચર થાય છે. ઉજ્જ્વળ ભવિષ્ય એની નજરે ચઢે છે.

બિચારા બાળકને આબરૂ કોને કહેવાય અને બે-આબરૂ કોને કહેવાય; તેની ખબર હોતી નથી. તેથી કપડાં પહેરવાથી લઈને ક્યાં કઈ વાત કરાય, ન કરાય; તેની જાણકારી તેને હોતી નથી. બાળકની દુનિયા જ જુદી હોય છે. એ તેની નાદાનતા ગણાય છે, અજ્ઞાનતામાં એ બધું ખપાવાય છે. પોતે પણ આવું બાળપણ વિતાવ્યું હોવાથી તેને કોઈ ઠપકો પણ આપતું નથી.હા, ધીમે ધીમે મોટો થતાં તેને સમજણ અપાતી હોય છે ને એ બાળક સમજદારી પ્રાપ્ત કરતો પણ હોય છે. સમજદારી આવ્યા પછી પોતે જ પોતાની આબરૂ સમજતો હોવાના કારણે આબરૂ ન જાય અથવા બે - આબરૂ ન થવાય તે માટે સજાગ - સાવધાન રહેતો હોય છે.

પુદ્ગલાનંદી જીવ નાશવંત પુદ્ગલોમાં, પરિવર્તન-શીલ પુદ્ગલોમાં,

દુઃખદાયી પુદ્‌ગલોમાં અજ્ઞાનતાના યોગે આનંદ સમજે છે. નાનું બાળક સમજ ન હોવાના કારણે જેમ અગ્નિમાં કે મળ-મૂત્રમાંય હાથ નાંખવા તૈયાર થઈ જાય છે અથવા નાંખે છે. એટલું જ નહીં, એ મળ-મૂત્રવાળો હાથ મોંઢામાંય નાંખી દે છે ! પુદ્‌ગલાનંદી જીવ પણ અજ્ઞાનતાના કારણે બાળક જેવો જ ગણાય છે. આપણા આગમાદિ ઘણા ગ્રંથોમાં અજ્ઞાની જીવને બાળ જ કહ્યો છે. અહીં બાળનો અર્થ ઉંમરથી નાનો એવો નથી કરવાનો પરંતુ હે અજ્ઞાની ! એવા સંબોધનમાં કરવાનો છે.

પુદ્‌ગલની વ્યાખ્યા કરતાં જ્ઞાની ભગવંતોએ કહ્યું : જેમાં પુદ્‌ = પૂરણ થવું, વધવું, નવું થવું, ભવ્ય-સુંદર થવું, આકર્ષક - મોહક થવું અને ગલ = ગળવું, નાશ પામવું, ઘટવું, ભયાનક થવું, જૂનું થવું, અળખામણું થવું...વગેરે પરિવર્તનો જેમાં અનાદિકાળથી થયા કરે છે, તે પુદ્‌ગલ ગણાય છે. આત્મા શાશ્વત હોવા છતાં પુદ્‌ગલના સંગે તેમાં પરિવર્તનો જોવા મળે છે. તૂટવું - ફૂટવું વગેરે પુદ્‌ગલોમાં થાય છે, આત્મામાં નહીં. બાળપણ કિશોરાવસ્થા-યુવાવસ્થા-વૃદ્ધાવસ્થાદિ પુદ્‌ગલોનો પરિણામ છે, આત્માનો નહીં. કર્મના કારણે આવાં પરિવર્તનો આત્મામાં નજરે પડે છે. આત્માનાં કોઈ જન્મ-મરણ નથી. વ્યવહારથી જન્મ-મરણની પરિભાષા વપરાય છે. આત્મા તો નિરંજન નિરાકાર-શાશ્વત અખંડ..છે. દ્રવ્યપ્રાણોથી ભાવ પ્રાણોના વિયોગને ‘મૃત્યુ’ નામની સંજ્ઞા આપવામાં આવી છે.

આત્માને કર્મો ચોંટેલા છે, ત્યાં સુધી તેને સ્થાન પરિવર્તન, ભવ પરિવર્તન અવસ્થાઓનું પરિવર્તન અને ખાવા-પીવાદિની પ્રવૃત્તિ કરવી પડે છે. સિદ્ધોના આત્મામાં આવું કોઈ જ પરિવર્તન થતું નથી. આ વસ્તુની જાણકારીના અભાવરૂપ અજ્ઞાનતા પણ કર્મને જ આભારી છે. માટે જ તો અમૃતવેલની સજ્ઝાયમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જણાવે છે :કર્મથી કલ્પના ઊપજે, પવનથી જિમ જલધિવેલ રે..બધી કલ્પનાઓ કર્મના કારણે ઊભી થાય છે. જેમ પવનના કારણે પાણી(દરિયા)માં મોજાં ઊછળે છે.

અભણ અને ગમાર ગણાતા ભરવાડને ઢોર-ઢાંખર ચરાવવાનું જ્ઞાન પરંપરામાં મળેલું હોવાથી તેની જાણકારી જરૂર હોય છે પરંતુ તેને ઝવેરીના જેવું મોતી પારખવાનું, તેનું પાણી પારખવાનું જ્ઞાન ક્યાંથી હોય ? ઝવેરીને પણ એ જ્ઞાન મેળવતાં વર્ષો લાગે છે, તેમ પુદ્‌ગલાનંદીને આત્માનંદી બનતાં કેટલાંય વર્ષો



અથવા કેટલાય જન્મો - ભવો નીકળી જાય છે. ભાગ્યે જ કોઈ જીવ થોડા સમયમાં આત્માભિમુખ અથવા આત્માનંદી બનતો હોય છે.

બધિર-બહેરો માનવ સંગીતની મહેફીલ ક્યાંથી માણી શકે ? સંગીત કાનનો વિષય છે.તેની કર્ણેન્દ્રિય નિષ્ક્રિય છે. બહારમાં કાનનો આકાર અખંડ હોવા છતાં કોઈને કોઈ કારણે અથવા કર્મગ્રંથની ભાષામાં કહીએ તો અચક્ષુદર્શનાવરણીય કર્મના ઉદયથી તેને બહેરાશ આવી ગઈ હોય તો તે કઈ રીતે સાંભળી શકે ? તેમ આત્માનંદની મસ્તી પુદ્‌ગલાનંદી ન જ માણી શકે,એ સહજ છે. તેનું પૌદ્‌ગલિક આકર્ષણ જ તેના માટે બહેરાશ જેવું છે. આત્માનંદની મસ્તી-મજાનું શ્રવણ જ ન મળ્યું હોય તે બહેરા જેવો જ ગણાય.તેના કારણે તે બાળક જેવો અથવા બધિર જેવો બિચારો જ ગણાય.

જે ભૂંડને વિષ્ટા-ગંદકી સિવાય કાંઇ ભાવતું જ નથી. કારણ તેણે ક્યારેય દૂધપાકેય ચાખ્યો નથી. કૂવાના દેડકાને, કૂવા સિવાયની દુનિયાનાં દર્શન જ ન થયાં હોય ત્યાં બહારની દુનિયાનો અનુભવ ક્યાંથી હોય ? એની કલ્પના પણ ક્યાંથી હોય ?

આત્માની ભીતરમાં ઊતરે તેને જ તેનો આસ્વાદ મળે. ભીતરી આનંદ-અંદરની મજા અમૃતના આસ્વાદ જેવી છે. તેની મીઠાશ માણવાનું સૌભાગ્ય જોઈએ. અમૃતની જાણકારી જ ન હોય, તેનું વર્ણન સાંભળ્યું જ ન હોય..તેવા રાંકને ચાખવા કે પીવા ક્યાંથી મળે ? મળે તોય તેને મન ક્યાંથી થાય ?

ઝેર સમાન પુદ્‌ગલાનંદ(કિંપાકના ફળ જેવો) નો ત્યાગ કરી અમૃત સમાન આત્માનંદની અનુભૂતિ કરવા માટે ; તેનું જ્ઞાન મેળવી તેના આસ્વાદની તાલાવેલી સાથે આગળ વધીએ, એ જ મંગલ કામના. - **આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ.**

ઘ

## ★ અહો નવકાર !!!-૩ ★★★

**આલેખન : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**મહાસતી - શ્રીમતી :**

આપણે વસીએ છીએ એ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અમરાપુરી સમાન પોતનપુર નામનું અદ્વિતીય-અજોડ શહેર હતું. નગરની શોભામાં વધારો કરનાર

ત્યાં સુગુપ્ત શ્રાવક નિવાસ કરતો હતો. ઉત્તમ ગુણોથી સમૃદ્ધ તેને એક પુત્રી હતી,તેનું નામ હતું 'શ્રીમતી.'

શ્રીનો એક અર્થ છે લક્ષ્મી, તો બીજો અર્થ છે શોભા - સૌંદર્ય. શ્રીમતી 'યથા નામ, તથા ગુણ'ના ન્યાયે અનુપમ રૂપ - સૌંદર્યવાળી હતી. નાનું બાળક તો સૌને પ્રિય હોય. કારણ, તે નિર્દોષ હોય છે. લોક-લાગણી ત્યાં ખેંચાતી હોય છે. તેના ઉપર સૌને એક નિઃસ્વાર્થ વાત્સલ્ય હોય છે.કન્યા મોટી થયા પછી તેના ઉપર આવું વાત્સલ્ય સૌનાં હદયમાં નથી હોતું. યૌવન આવ્યા બાદ આકર્ષણનાં કારણો બદલાયેલાં જોવા મળે છે. શ્રીમતીના જીવનમાં પણ કાંઈક આવું જ બન્યું. ગામનો જ એક અન્યધર્મી યુવાન શ્રીમતીના રૂપ-સૌંદર્યમાં આકર્ષાયો, મોહ પામ્યો. જાણે દીવાની જ્યોતના કલરમાં પતંગિયું આકર્ષાયું !

માત્ર રૂપ હોય તોય એ કન્યા પાછળ આકર્ષિત થનારો યુવાન; જ્યાં રૂપ અને ગુણનો સુમેળ હોય ત્યાં તો વિશેષ આકર્ષણ ઊભું થાય; એ સ્વાભાવિક છે.હા, એમાં રૂપ ભાન ભૂલાવે છે, ગુણ નહીં.રૂપના કારણે ખેંચાયેલો જીવ મોટે ભાગે લાજ-શરમ, નાત-જાત, ધનવાન-નિર્ધન, ઉંમર-ધર્મ..બધું જ ભૂલી જાય છે. રાગ અને મોહ તેના મન-વચન-કાયા ઉપર પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કરી દે છે! બાલ્યાવસ્થામાં વાત્સલ્યનું બનેલું પાત્ર હવે પ્રેમનું પાત્ર બનીને દિલ ઉપર કબજો જમાવે છે. આમાં ક્યારેક બંને પક્ષે આ સ્થિતિ સર્જાય છે, તો ક્યારેક એક જ પક્ષે આ સ્થિતિ જોવા મળે છે. જે વ્યક્તિ રાગના રંગે રંગાય છે, તે તેને મેળવવા વલખાં મારે છે. રાત-દિવસ તે માટે તરસતો હોય છે. તે ન મળે ત્યાં સુધી રાગના અંગારાથી શેકાતો હોય છે.

અન્યધર્મી હોવા છતાં રૂપની પાછળ પાગલ બનેલા - ભાન ભૂલેલા તે યુવાને લાજ-શરમને કોરાણે મૂકી શ્રીમતીના વિવાહ માટે પોતાના પિતા દ્વારા સુગુપ્ત શ્રાવક પાસે તેની માંગણી કરી. રૂપવાળી શ્રીમતીના માત્ર રૂપને કારણે લગ્ન કરવા તૈયાર થયેલા તે યુવાને; ધર્મ જુદા હોવાના કારણે હા પાડશે કે નહીં, ના પાડશે તો શું ? વગેરે વિચાર પણ ન કર્યો.

આ બાજુ સુગુપ્ત શ્રાવકે વિચાર કર્યો કે-મારી જૈનધર્મનિષ્ઠ અને ગુણવતી સુપુત્રીનો વિવાહ-લગ્ન અન્ય ધર્મી સાથે કઈ રીતે થાય ? એક-બીજાનો ધર્મ જુદો હોવાથી વારંવાર ટકરાવ પણ થાય. ધર્મ અલગ-અલગ હોવાના કારણે સંસ્કાર



પણ જુદા પડે. મારી દીકરીને ધર્મ કરવાની ના પણ પાડે, ધર્મમાં વિઘ્નો ઊભાં કરે.જીવન સંઘર્ષ અને સંક્લેશમય પણ બને. મારી દીકરીનું જીવન દોજખ પણ બની જાય. જીવનની સ્થિતિમાં દુર્ધ્યાન પણ આવે. પરસ્પર વૈર-વૈમનસ્યનો આવિર્ભાવ થાય. તેની અસર અમારા ઘર-પરિવાર ઉપર અને પરલોક ઉપર પણ થાય...આ બધો વિચાર કરી સુગુપ્ત શ્રાવકે તે વિવાહ માટે ના પાડી.

શ્રીમતી પ્રત્યે દઢ અનુરાગવાળા બનેલા એ યુવાને તેને મેળવવા માટેના ઉપાયો શોધવા માંડ્યા. તેમાં મુખ્ય વિઘ્ન જાણવા મળ્યું કે બંનેના ધર્મો જુદા હોવાથી સુગુપ્ત ના પાડે છે. તેને દૂર કરવા તે યુવાન હોંશિયારી વાપરી કપટી પણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો. અમે જૈનધર્મ સ્વીકારી લાધો છે, તેવો ઢોંગ કરી સુગુપ્તને પ્રસન્ન કરી લીધો. માયા-કપટને ન જાણતા સુગુપ્તે તેણીના વિવાહ માટે અનુમતિ આપી. કપટી-માયાવીના ગૂઢ હૃદયને બ્રહ્માય ન ઓળખી શકે તો સામાન્ય ગણાતા માનવને ત્યાં કેવી રીતે સફળતા મળે ? કપટ તો ભલભલા બુદ્ધિશાળી અને પંડિતોનેય છેતરી જાય છે. સુગુપ્ત શ્રાવક ધર્મી અને સરળ હતો. આ મેલી રમતને તે ન કળી શક્યો. છેતરાઈ ગયો. માયાવીની માયા-જાળમાં ફસાઈ ગયો. કોઈ તેવા પ્રકારના દૂષિત પુણ્યથી તે યુવાન પોતાની બાજી જીતી ગયો. એક રૂપના કારણે જાગેલા રાગ-મોહે કેવાં તોફાન મચાવ્યાં ? કેવાં કેવાં પાપો તરફ જીવને ધકેલી દીધો ?

એક તરફ રૂપના કારણે અંધારું છવાયું તો બીજી તરફ કપટના કારણે અંધકાર છવાયો. અંધકારમાં (અથવા અંધાપામાં)વાસ્તવિકતા ક્યાંથી દેખાય ? રાત્રિનો અંધકાર જ માત્ર અથડામણ પેદા કરાવે એવું નથી, એ સિવાય રાગદ્વેષ-મોહ-માયા-અજ્ઞાનતા વગેરે ઘણા પ્રકારના તિમિર છે, જે જીવને ભટકાવી દે અથવા ભ્રમિત કરી દે છે. આવી ભ્રમજાળ ભલ-ભલા માંધાતાનેય પોતાની જાળમાં ફસાવી દે છે. ફસાતાં પહેલાં તો એનો ખ્યાલ નથી આવતો પરંતુ ફસાયા પછી પણ તુરત જાણ નથી થતી. જ્યારે જાણ થાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. તેના કારણે તે માત્ર હાથ પગ કે ગરદનથી નથી પકડાતો..સમગ્રપણે પકડાઈ ગયો હોય છે. પછી એ પકડમાંથી છૂટવાનું કાર્ય દુષ્કર થઈ જાય છે. માટે જ શાસ્ત્રકારોએ રાગને જ રોગ અને અનર્થોના મૂળ તરીકે વર્ણવ્યો છે. રાગદ્વારા રચાયેલી ઈમારત દેખાવમાં તો રૂડી-રૂપાળી હોય છે પણ પરિણામે દાહક અને પીડાદાયક હોય છે !

સજ્ઝાયકારે અમસ્તું નથી લખ્યું :**રૂપને જોતાં હો, રાગ વધે સહી રે; વિષય વધે મન-કાય..**રૂપને જોયા પછી રાગ પોતાનો પગદંડો જમાવે છે. એ રૂપનું પાન કર્યાબાદ મન અને કાયા ઉપર વિષયો પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કરી દે છે !! એ પકડ એટલી મજબૂત બની જતી હોય છે કે તેના ફાસલામાંથી છૂટવા જીવ ઈચ્છે તોય તે નાગપાશ જેવા કે સિંહના લોખંડી પાંજરા જેવા બંધનોમાંથી છૂટી શકતો નથી !!

યુવાનની માયા અને કપટની જાળમાં સપડાયેલા સુગુપ્તે શ્રીમતીના લગ્ન માટે સંમતિ આપી દીધી..શુભ દિવસે. શુભમુહૂર્તે બંને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. પંચની સાક્ષીએ લગ્ન થયા પછી શ્રીમતી સાસરે પહોંચી ગઈ.સુગુપ્ત અને તેની પત્નીએ દીકરીને રડતી આંખે વિદાય આપી. અહીં આવ્યાબાદ હવે પત્નીના સ્વરૂપમાં પોતાનાં કાર્યોમાં વ્યસ્ત થવા લાગી, સાથે જૈનધર્મની રીતે નિત્ય ક્રિયાઓ કરતી રહી. શુભકાર્યો - ધર્મની ક્રિયાઓ પણ બધાને પસંદ આવતાં નથી. ભૌતિક સુખના રસિક જીવોને અને વિધર્મી જીવોને આ જૈનધર્મ ક્યાંથી પસંદ આવે ? મિથ્યાત્વથી વાસિત શ્રીમતીનાં સાસુ અને નણંદને ધર્મ ગમતો ન હોવાથી આ શ્રીમતીને શારીરિક - માનસિક ત્રાસ આપવા લાગ્યા. ડગલે ને પગલે તેણીનું અપમાન કરવા લાગ્યાં. સંસ્કાર અને ધર્મ - કર્મની સમજવાળી શ્રીમતી પોતાનાં પાપ કર્મોની નિંદા કરવા પૂર્વક એ પાપકર્મોને ખપાવી રહી છે. દુઃખ આપનાર તે બંને ઉપર લેશ માત્ર દ્વેષ ધારણ કરતી નથી. હૃદયને સમતાભાવોથી યુક્ત બનાવી દીધું છે. પોતાની ક્યાંય ભૂલ ન થઈ જાય તેની પૂર્ણ તકેદારી રાખે છે. ધર્મના દ્વેષી એ જીવોને ધર્મી ઉપર દ્વેષ જાગ્રત થાય છે. દિન-પ્રતિદિન દ્વેષભાવના વધવાના કારણે શ્રીમતી પર સીતમ વધવા લાગ્યો. શ્રીમતી તો પોતાનો વ્યવહાર ધર્મ બજાવવામાંય ક્યાંય ઊણી ઊતરતી નથી. સાસુ અને નણંદનો દ્વેષ અને તેમનાં પગલે પતિને પણ શ્રીમતી તરફ દ્વેષ થવા લાગ્યો. ધીમે ધીમે અણગમો વધતો ગયો. પરિણામે આ શ્રીમતીનો કાંટો કાઢવા સૌ તૈયાર થઈ ગયા ! એટલે કે સૌ એવા વિચાર પર આવી ગયા કે કોઈ પણ રીતે શ્રીમતીને મારી નાખવી અને યુવાનનાં લગ્ન બીજી સ્ત્રી સાથે કરવાં.

રૂપથી આકર્ષિત થયેલો યુવાન પણ દ્વેષભાવનાવાળો બની વિપરીત બની ગયો. માતા-પિતા, બેન વગેરેના રાગ અને એમની વાતો સામે તે પણ બદલાઈ



ગયો.સંસારની સ્થિતિ જ એવી છે કે રાગ પણ કાયમ ટકતો નથી. કર્મો જીવને કેવા કેવા નાચ નચાવે છે ? સંસારની રંગભૂમિ પર જીવોનાં ભિન્ન-ભિન્ન નાટક કાયમ ચાલું જ હોય છે. પોતાનાં તેવાં નાટક જોઈ અનુભવી દુઃખી થનારા જીવો; બીજાનાં નાટકો જોઈ ખુશ પણ થતા હોય છે. બીજાનાં નાટકોનો પ્રચાર પણ કરતા હોય છે. સ્વાર્થી જીવોને આવાં નાટકો જોઈને રાગ-દ્વેષનાં પરિણામો વધે છે. પરંતુ વૈરાગ્ય નથી જાગતો. આ જ ભવાભિનંદી-પુદ્‌ગલાનંદી જીવોનાં લક્ષણ છે. રાગ હોય તે વખતે વ્યક્તિના દોષો પણ ગુણરૂપે દેખાય છે અને એ જ વ્યક્તિ પર દ્વેષ જાગ્રત થયા પછી તેના ગુણો પણ દોષરૂપ જણાય છે.

દ્વેષની જાગેલી ભાવના મારણ પ્રયોગ કરાવવા કે યુદ્ધ માટેય પ્રેરક બની જાય છે. અહીં પણ શ્રીમતીને મારી નાખવા માટેની યોજના બનાવવાનું ચાલું થઈ ગયું. દિલમાં ઊઠેલી દુષ્ટ ભાવના વહેલી મોડી સાકાર થયા વગર રહેતી નથી. એટલું જ નહીં, એવા સમયે આત્મા છે, પુણ્ય - પાપ છે,એને ભોગવવા માટે સ્વર્ગ નરક જેવી જગ્યાઓ છે. પરલોક છે. કરેલાં કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.વગેરે વિચારો આવતા નથી. બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. અથવા બુદ્ધિનું દેવાળું નીકળી જાય છે. બીજાને દુઃખ આપનારો; પાપ કર્મો ઉપાર્જન કરી ભવિષ્યમાં પોતે દુઃખી થાય છે;આવી ધર્મ-શાસ્ત્રોની વાતો તે વિચારવા તૈયાર થતો નથી. વળી, એમાં જો મિથ્યાત્વનો સહકાર અને બળ મળી જાય તો કેવાં અનર્થો સર્જાય એ કહેવું કઠિન થઈ જાય છે. આ મિથ્યાત્વાદિ દોષોનાં કારણે તે જીવ ‘પુણ્ય કરતાં વિચારવા નહીં બેસવાનું(વિલંબ નહીં કરવાનો)અને પાપ કરતાં પહેલાં હજારવાર વિચારવાનું’ આવી શાસ્ત્રીય હિતકારી શિખામણ પણ ભૂલી જાય છે.

ભાન ભૂલેલા યુવાન પતિએ શ્રીમતીને મારી નાખવાની ભાવનાથી મહાવિકરાળ અને ઝેરી સાપ એક ઘડામાં લાવી,ઉપર ઢાંકણું ઢાંકી સૂવાના ઓરડામાં એ ઘડો મૂકી દીધો.દુષ્ટ ભાવનાવાળો પરલોક તો ભૂલી જાય પણ આ લોકના નજીકના ભવિષ્યનોય વિચાર કરી શકતો નથી. પરના હિતની વાત જવા દો, સ્વના હિતની વિચારણા માટે તેને અવકાશ હોતો નથી. એ ઘડામાં રાખેલો સાપ શ્રીમતીને ડંખ માર્યા પછી મને પણ ડંખ મારી શકે છે. એ સાપ કાંઈ કોઈને ઓળખતો નથી કે કોઈનો પાળેલો નહોતો..! આવોય વિચાર એ જીવને ન આવ્યો.

રાત પડી, સૂવાનો સમય થયો. પતિ શયનખંડમાં પહોંચી ગયો છે. પોતાનું

તમામ કાર્ય પતાવી શ્રીમતી પણ શયનખંડમાં આવી પહોંચી.પ્રવેશ કરતાં જ પતિએ શ્રીમતીને કહ્યું : હે પ્રિયે ! જો સામેના ખૂણામાં ઘડો છે. તેમાં સુગંધી ફૂલની માળા મૂકેલી છે, તે લાવ અને રારા ગળામાં એનું આરોપણ કર. સરળ અને ધર્મી શ્રીમતીને કપટ કે માયા-જાળની કલ્પનાય નહોતી. વિનય ગુણથી યુક્ત એવી શ્રીમતી તુરત જ ઘડા નજીક પહોંચી.

જૈનધર્મની આજ્ઞા પ્રમાણે ડગલેને પગલે, રાત્રે કે દિવસે, સુખમાં કે દુ:ખમાં,સ્વસ્થાવસ્થામાં કે માંદગીમાં, ક્યાંય બહાર જતી વખતે કે ઘરમાં પ્રવેશ કરતાં,કોઈ પણ કાર્ય કરતાં ભાવપૂર્વક નવકાર ગણવાનો અભ્યાસ જ પડી ગયો હોય.એ અભ્યાસના યોગે શ્રીમતીએ ઘડા પાસે ઊભા રહી સ્વસ્થ ચિત્તે - ભાવથી નવકાર મંત્રનું સ્મરણ કર્યું. ત્રણે ભુવનમાં ગણાતો આ નવકાર છે. દેવ -દાનવ-વિદ્યાધર કે સામાન્ય માનવ- બધા જ નવકાર ગણે છે. કેટલાક નારકી જીવો અને તિર્યંચના જીવોય આ નવકારમંત્રનું સ્મરણ કરતા હોય છે.

**શરીર કે વસ્ત્રની શુદ્ધિ હોય કે ન પણ હોય..સ્થાન પવિત્ર હોય કે ન હોય..મનમાં નવકાર ગણવામાં - સ્મરણ કરવામાં કોઈ જ દોષ નથી. નવકાર તો ભાઈ તુલ્ય છે. સંપત્તિમાં કે આપત્તિમાં; તે જ સાથ આપે છે. નવકાર તો હૈયાનો હાર, આંખની કીકી અને કાળજાની કોર છે. આફતને અવસરમાં બદલી નાંખનાર આ પ્રભાવશાળી મંત્ર છે !** વિઘ્નોનાં ગમે તેવાં વાંદળોને ક્ષણમાં વિખેરી નાખવાની ક્ષમતા આ જ મંત્રમાં છે. નવકારમંત્રમાં શારીરિક-માનસિક-વાચિક-આધ્યાત્મિક દરેક પ્રકારની તાકાત (બળ) આપવાનું અદ્ભુત - કલ્પનાતીત સામર્થ્ય છે. રૂઠેલી વ્યક્તિને જ નહીં, **રૂઠેલાં કર્મોને પણ મનાવવાની - ઠેકાણે લાવવાની તાકાત આ મંત્રાધિરાજ નવકારમંત્રમાં છે.** શરત માત્ર એટલી જ છે કે એના ઉપર શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધાના બળ સાથે ગણેલો નવકાર ઘણાં ઘણાં અકલ્પ્ય પરિવર્તનો માટે સમર્થ છે ! કેવલિભગવંત પણ જેનો પૂરો મહિમા ન ગાઈ શકે, તો છદ્મસ્થ જીવોનું શું ગજું ?

શ્રીમતીએ શુભભાવ પૂર્વક નવકાર ગણીને ઘડાનું આવરણ દૂર કર્યું. જમણો હાથ હાર લેવા માટે ઘડામાં નાંખ્યો ! નવકારમંત્રના નિષ્ઠાપૂર્વકના સ્મરણ અને શ્રદ્ધાના પ્રભાવે ત્યાં શાસનદેવીએ હાજર થઈ સાપની જગ્યાએ અલૌકિક સુગંધવાળી પુષ્પોની માળા મૂકી દીધી! ઘડાનું આવરણ દૂર કરતાં જ પુષ્પોની સુવાસથી શયનખંડ



મઘમઘાયમાન થઈ ગયો! ક્યારેય ન જોયલી - અનુભવેલી અદ્ભુત-અનુપમ એ સુગંધ હતી.! પુષ્પોની એ માળા લઈ શ્રીમતી તરત જ પતિ પાસે પહોંચી. પતિ પણ આ દૃશ્ય જોઈ તાજુબ થઈ ગયો ! શ્રીમતીએ પતિની આજ્ઞા પ્રમાણે તેના ગળામાં આ માળા પહેરાવી દીધી! ખાતરી કરવા માટે પતિએ ઘડામાં જોયું તો ત્યાં સાપ નહોતો. ઘડો ખાલી હતો!

પતિને ખ્યાલ આવી ગયો, ખાત્રી થઈ ગઈ કે આ સ્ત્રી સતી છે, પવિત્ર છે, નિર્દોષ છે. તેના ધર્મના પ્રભાવે જ સાપ મટીને ફૂલની માળા બની ગઈ.આવી ક્રિયા દૈવી તત્ત્વ સિવાય સંભવિત નથી. તેથી ચોક્કસ કોઈ દેવ-દેવીએ આ કાર્ય કર્યું લાગે છે. જે મંત્રથી વાઘ-સિંહ જેવાં જંગલીને શિકારી પશુઓ પણ શાંત-પ્રશાંત બની જતાં હોય,માનવભક્ષી રાક્ષસ પણ મિત્ર કે ભક્ત બની જતો હોય, અગ્નિ અને પાણીના ઉપદ્રવ ટળી જતા હોય તેને માટે આ સાપનો ઉપસર્ગ કોઈ મોટી ચીજ નથી.હજારો હાથીને ભગાડવા માટે માત્ર એક જ વનકેસરીની ત્રાડ કાફી છે. હજારો ઊંદરોને ભગાડવા એક જ બિલાડીનો મ્યાઉં-મ્યાઉં અવાજ પૂરતો છે. મલયાચલના પર્વત પર ચંદનનાં ઝાડને વિંટળાયેલા હજારો સાપનાં ગાત્ર પણ માત્ર એક મોરના ટહુકારથી ઢીલાં પડી જાય છે. હજારો મણ લાકડાંને બાળી નાખવા અગ્નિનો એક કણ સમર્થ છે. તેમ કૈ-કેટલાંય જન્મોનાં પાપ કે ગમે તેવા ઉપસર્ગો વિઘ્નોને દૂર કરવા એક નવકાર પૂર્ણ સામર્થ્ય ધરાવે છે.

પતિને જૈનધર્મ અને નવકારના પ્રભાવનો ખ્યાલ આવતાં પરિવાર સ્વજનોને ભેગા કરી બધી જાણકારી આપી. બનેલી ઘટના દ્વારા તમામ જીવોને પણ વિશ્વાસ બેસી ગયો. શ્રીમતી પ્રત્યે બધા જ સ્વજનો સ્નેહવાળા અને બહુમાનભાવવાળા બની ગયા ! આ તમામ મહિમા નવકારનો છે.

આગળ વધતાં શ્રીમતીએ અવસર જોઈ પોતાના પતિને જૈનધર્મની સમજ આપી. નવકારમંત્રની જાણકારી આપી. શ્રીમતીની વાતો પર વિશ્વાસ બેસી ગયો. ગુરુભગવંત પાસે જઈ શ્રાવકનાં બારવ્રત સ્વીકાર્યાં. કોઈ પણ વસ્તુને સમજ્યા વગર, જાણકારી લીધા વગર તેના પર બહુમાનભાવ કે શ્રદ્ધા ઉત્પન્ન થતાં નથી. માટે સમ્યગ્જ્ઞાન ખૂબ જ જરૂરી છે. પ્રાયઃ જ્ઞાનના માધ્યમથી શ્રદ્ધા ઉજાગર થતી હોય છે. વિવેક પણ જ્ઞાન આવ્યા પછી જ આવતો હોય છે. શ્રીમતીએ આપેલ જ્ઞાન પછી ગુરુભગવંત પાસે તેની વૃદ્ધિ થાય છે. જ્ઞાન અને વિવેકના પ્રભાવે દરેક

પદાર્થોની ઊંડી જાણકારી મળતાં પ્રકાશ પથરાવા સાથે હેય-ઉપાદેય આદિનો ભેદ સ્પષ્ટ થાય છે. નવકારમંત્ર વગેરેનું માત્ર શબ્દજ્ઞાન હોવું એ પૂરતું નથી.એના સામાન્યઅર્થ, વિશેષાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ અને એદંપર્યાર્થ સુધી પહોંચવાનું છે.એ જ રીતે દરેકનો એદંપર્ય સુધીનો બોધ મેળવવાનો છે. પછી નવકાર ગણવાથી લઈ તમામ ક્રિયાઓમાં ભાવ આવશે અને એ ક્રિયા પ્રાણવંતી બનશે. શ્રીમતીની નવકારમંત્ર ગણવાની ક્રિયામાં પ્રાણ હતા, ચૈતન્ય હતું. તેથી તેનો પ્રભાવ સ્પષ્ટ અને સાક્ષાત્ જોવા મળતો હતો.

હવે શ્રીમતીનો સંબંધ તેના પતિ સાથે રૂપના કારણે નથી રહ્યો. હવે તો શ્રીમતીના જીવનમાં ગુણોનાં દર્શન થવા લાગ્યાં. **ગુણના યોગે બંધાયેલો, પલટાયેલો સંબંધ લાભદાયક બનતો હોય છે. વિનશ્વર રૂપનો સંબંધ તો પાપ કર્મોનો બંધ કરાવનાર, દુર્ગતિમાં પરિભ્રમણ કરાવનાર છે. ધર્મી જીવોનો સંબંધ હંમેશા ધર્મવૃદ્ધિ અને ગુણોની વૃદ્ધિ માટે થતો હોય છે. પાપી જીવોની મૈત્રી પાપ અને દુઃખમાં વધારો કરનાર થાય છે. તેની સાથે સાથે દુર્ગુણોમાંય વધારો થાય છે. પાપ અને દુર્ગુણો જીવને દુર્ગતિમાં ખેંચી જાય છે.**

શ્રીમતીનો સંબંધ હવે ગુણ અને ધર્મના માધ્યમથી બન્યો હોવાથી તેના પતિનું જીવન પણ ઉત્તમ બનવા લાગ્યું. જૈનધર્મને સમજવા માત્રથી ન અટકતાં ગ્રહણ કરવા સુધી પહોંચ્યું.શ્રાવકજીવનનું પાલન કરતાં કરતાં ભાવો હજી આગળ વધવા લાગ્યા. દેશવિરતિની યાત્રા હવે સર્વવિરતિની યાત્રા તરફ આગેકૂચ કરવા લાગી. સર્વવિરતિ(દીક્ષા) માટે બંનેનું મન તૈયાર થઈ ગયું. મન તૈયાર થયા પછી વચન અને કાયાને એ માર્ગે આગળ વધતા ક્યાં વાર લાગે ? શ્રીમતીને કષ્ટ ઘણું પડ્યું, પણ ધીરતા રાખી તો 'ધીરજનાં ફળ મીઠાં' એ ન્યાયે તેના પતિના જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું. તેના પરિવારનેય ધર્મની શ્રદ્ધા ઊભી થઈ.પતિનું જીવન તો ઉન્નતિનાં શિખરો સર કરવા તરફ, અધ્યાત્મના આકાશને આંબવા તરફ આગળ વધતું જાય છે.

શ્રાવકનાં વ્રતોના સ્વીકાર કર્યા પછી તે પતિ-પત્નીએ ઉત્તરોત્તર ભાવનાઓની પાંખોએ તેજ ગતિથી પાપોથી વિરતિ અને ધર્મની રતિ તરફ ઉડાન ભરવા માંડી.પરિણામે થોડા જ સમયમાં તેઓ બંને શ્રાવક-શ્રાવિકા મટી, સાધુ-સાધ્વીજી બની ગયાં ! મતલબ, સર્વથા નિષ્પાપ જીવન જીવવા માટે ઘર-બારનો પરિત્યાગ



કરી સાચા અણગાર બની ગયાં.

સંયમની સાધનામાં એવી અપ્રમત્તતા સાથે પ્રગતિ કરવા માંડી કે રત્નત્રયીની સાધનાનો રંગ વિશેષ-વિશેષ આત્મા પર ચઢવા લાગ્યો.શરીરનાં રૂપ નિખાર પાછળ મોહાંધ થયેલો તે યુવાન-પતિ હવે આત્માના રૂપને નિખારવામાં જ સફળતા જોવા લાગ્યો. જન્મને સફળ કરવા,સંસારના પરિભ્રમણને ખતમ કરવા માટે રાત-દિવસ યોજના બનાવવા લાગ્યા. વેષ અને વ્રતને અનુરૂપ જીવન બનાવી દીધું ! નિર્મળ શ્રમણ જીવનને જીવવા લાગ્યા. સુવિશુદ્ધ સંયમની સાધના કરતાં, તપ-જપ-સ્વાધ્યાય-ધ્યાનમાં આગળ વધતાં તેઓ જાણે શાશ્વત-જોડી બનાવવા તરફ પ્રગતિ કરવા લાગ્યાં. અંતે અનશન સ્વીકારી કરી ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ મુક્તિની મંજિલ સર કરી ગયા. શાશ્વત -નિશ્ચલ -નીરજ-નીરંજન-અક્ષય-નિર્વિઘ્ન-સ્થિર અવસ્થાને હંમેશ માટે વર્યા.

નવકારમંત્રનો મહિમા -પ્રભાવ -સ્વરૂપ જાણી શ્રદ્ધા અને ભાવપૂર્વક સૌ નવકારના ઉપાસક બની સ્વયં ઉપાસ્ય બને; એટલે એ જ નવકારમાં નવપદના બીજા પદની પદવીને વરે; એ જ મંગલ કામના. ધ

## ★ આ અંકની લઘુ કથા ★★★

- શ્રી ધર્મમિત્ર

### વિદ્યા ધન માટે કે સુકૃત માટે ?(સત્યઘટના)

ભૂતકાળમાં નિશાળોના ઓરડાઓમાં ભીંતો પર લખેલાં સુવાક્યોમાં વાંચવા મળતું હતું :'સા વિદ્યા યા વિમુક્તયે' આ સંસ્કૃત સુભાષિતનો સાદો અર્થ છે : તે સાચી વિદ્યા(જ્ઞાન) તે છે, જે વિમુક્તિ માટે હોય.મતલબ,જે આત્માને મુક્તિ તરફ, લઈ જનારી, કર્મનાં બંધનો છોડાવનારી હોય તે જ સાચી વિદ્યા છે. બાકી તો માત્ર કહેવાતા જ્ઞાનનો બોજ છે.

આનો પરમાર્થ એ છે કે -મુક્તિનાં સાધન ગણાતાં સુકૃતો-સત્કાર્યો કરવાના મનોરથો જ્ઞાન મેળવ્યા પછી થવા જોઈએ. જો આવાં સત્કાર્યો કરવાનું મન ન થાય તો સમજવું કે જીવે મેળવેલું જ્ઞાન વાસ્તવિક જ્ઞાન નથી. માત્ર મગજમાં વર્ષોની મહેનતથી બોજ જ વધાર્યો છે. આવો બોજ તો લાભની જગ્યાએ નુકશાન કરનાર થાય છે.

જ્ઞાન આવ્યા પછી રોજ નવાં નવાં સત્કાર્યો કરવાની ભાવના આકાર લે, તે માટેની યોજના બનવી જોઈએ. જે-જે ક્ષેત્રનું જ્ઞાન લીધું હોય મેળવ્યું હોય તે તે ક્ષેત્ર પ્રમાણે સત્કાર્યો કરવાની વિચારણા - યોજના રાત-દિવસ મનમાં ઊઠવી જોઈએ. જ્ઞાન આવ્યા પછી પાપમાં ઘટાડો અને ધર્મમાં વધારો થવો જોઈએ. તે જ રીતે ધન આવ્યા પછી પણ પાપની હાનિ અને ધર્મની વૃદ્ધિ થવી જોઈએ.વિદ્યા(જ્ઞાન) ના પ્રથમ ફળ તરીકે વિવેકનું આગમન થવું જોઈએ. જ્ઞાન અને વિવેકના સંયોજનથી જ વિશુદ્ધ ધર્મની આરાધના સંભવિત બને છે.

આજ કાલનો જનપ્રવાહ જોઈએ તો કેવળ પૈસા કમાવવા માટે જ વિદ્યાર્જન કરવાની પ્રવૃત્તિ જોવા મળે છે. ડિગ્રીનું લક્ષ્ય છે ધનાર્જન. ધર્મ કે સુકૃતવિહોણું ધન તો જીવને દુર્ગતિની ગર્તામાં ધકેલનારું બને છે. તે જ રીતે સત્કાર્યો-દુષ્કાર્યોની વિચારણા અને યથાશક્તિ આચરણા વગરનું જ્ઞાન પણ અધોગતિના જ અતિથિ બનાવી દે છે! જ્ઞાન આવ્યા પછી વિવેકનો જન્મ થવો જ જોઈએ. વિવેકનો જન્મ જ ન થાય તો એને અજ્ઞાન જ કહેવું પડે. જ્ઞાનનો સેવાભાવી અને સમર્પિત સુપુત્ર વિવેક છે. એ સુકૃત પ્રિય હોય છે. દુષ્કૃત્યોથી જીવને દૂર રાખે છે. દુષ્કૃતથી અંતર વધારવા માટે પાપોની વિરતિ કરાવે છે, માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ વાત કરી :'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ' મતલબ જ્ઞાનનું ફળ છે : વિરતિ. ફળ વગરનું ઝાડ વાંઝિયું ગણાય, તેમ વિરતિ નામના ફળ વગરનું જ્ઞાન - વૃક્ષ પણ વાંઝિયું જ ગણાય.

જ્ઞાન આવ્યા પછી જીવની પ્રસન્નતામાં વધારો થવો જોઈએ. કર્મના ઉદયે સુખ આવે યા દુઃખ, અનુકૂળતા ઊભી થાય કે પ્રતિકૂળતા, સન્માન મળે કે અપમાન; તમામ પ્રસંગોમાં પ્રસન્નતા અખંડ જાળવી રાખે તે સાચું જ્ઞાન છે. પ્રસંગે-પ્રસંગે સાચા-ખોટાનો, હિતકારી-અહિતકારીનો,ભક્ષ્ય - અભક્ષ્યનો, કર્તવ્ય- અકર્તવ્યનો. ભેદ સ્પષ્ટ કરી આપે તે વિવેક. જ્ઞાન અને વિવેકના સુયોગ્ય સંયોજન પૂર્વકની ક્રિયાને જ અપેક્ષાએ મોક્ષનો માર્ગ કહી શકાય.તેને જ શાસ્ત્રોની ભાષામાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર કહેવાય છે.

એક બાપે..દીકરાને પ્રાથમિક-માધ્યમિક જ્ઞાન ભણાવ્યા પછી બીજું આગળનું -વિશેષ જ્ઞાન ભણાવવા માટે - બેરીસ્ટર બનાવવા માટે ઈંગ્લેન્ડ મોકલવાનો વિચાર કર્યો.દીકરો બુદ્ધિશાળી હોવાથી બેરીસ્ટર બનવાની ક્ષમતા વાળો હતો. તેથી પિતાની ભાવના પ્રમાણે તે પુત્ર પણ તૈયાર થઈ ગયો.



તે જમાનામાં બી.એ.કે એમ.એ.ની પદવી(ડિગ્રી) પણ ઘણી ગણાતી. ત્યાં વળી, બેરિસ્ટરની ડિગ્રી મેળવવાની વાત,અને એ ઈંગ્લેન્ડની ડિગ્રીની વાત હોય ત્યાં કોને આનંદ ન હોય ?કાશ ! આ કોઈ ધર્મની ડિગ્રી નથી. જૈન ન હોવાના કારણે સમ્યગ્ - મિથ્યાનો ભેદ એ બાપ-બેટા ન સમજી શકે, એ સમજી શકાય તેવી વાત છે. પરંતુ આર્ય સંસ્કૃતિ તો એ બાપના હૈયામાં હતી જ. તેના કારણે પિતાને સંતાન માટે એક વિદ્યાર્જનની અમર આશા તો હોય.એ વિદ્યાના માધ્યમથી એનું ભાવિ ઉજ્વળ બને,સુંદર બને અને કુળને અજવાળે; એટલી આશા તો દરેક માવતરને હોય જ ને ?

આ પુત્રને વળાવવા માટે મા-બાપ તો જાય જ.પરિવારને તો હોંશ હોય જ. સાથે મિત્રોને પણ ખુશી હોય. કેટલાક મિત્રો પણ વળાવવા આવ્યા હતા. એમાં એક મિત્રે એ પિતાને બિરદાવવા સાથે જણાવ્યું :'બેરીસ્ટરની ડિગ્રી પ્રાપ્ત કરીને આવશે. ઘણા ઘણા પૈસાય લાવશે. ઘણું ધન કમાશે.રોનક બદલી નાખશે..'

પિતાજી માત્ર ધનની મૂરછાર્વાળા પૈસાના પૂજારી જ ન હતા. ધન કરતાં વધારે સંસ્કૃતિને માનનારા હતા. પદની વફાદારી- ઈમાનદારીમાં માનનારા હતા. પોતાની શક્તિ પ્રમાણે કોઈનું ભલું કરવાની ભાવના હતી. એ જ સંસ્કાર પેઢી દરપેઢી આપવાની ખેવના એ પિતાના દિલમાં હતી. આ દીકરાને પોતે જ ઊછેર્યો છે. માત્ર ખવડાવી પીવડાવીને શરીરથી જ નહીં, સંસ્કાર અને સંસ્કૃતિથી પણ સમૃદ્ધ બનાવ્યો હતો.પિતાના ઉચ્ચ અને આદર્શ વિચારો તેના દિલ-દિમાગમાં ભરવામાં આવ્યા હતા.

**જર-જમીન-ઘર વગેરે તો પિતાની આંખ મિંચાયા પછી વારસામાં મળે.સંસ્કાર અને સંસ્કૃતિ-વિનય-વિવેક-મર્યાદા વગેરે તો જીવતાં જ વારસામાં લેવા-આપવાનાં હોય છે.** મૃત્યુ પછી વારસામાં મળેલી ચીજોનો સદ્ઉપયોગ દુરુપયોગ કદાચ બાપને જોવા ન મળે.પરંતુ જીવતાં લેવાતો વાસાનો સદ્ઉપયોગ દુરુપયોગ તો નજરે જોવા મળે. એમાં જો જીવતા આપેલો લીધેલો વારસો; સપૂત હોય તો આનંદ અપાવ્યા વગર ન રહે !બાપ આવા જીવતા વારસાના સદ્ઉપયોગ જોવાના અરમાનવાળા હતા.

તેથી જ બાપે પેલા મિત્રને જવાબ આપતાં કહ્યું :'ભાઈ! મારો પુત્ર બેરીસ્ટર થયા પછી કદાચ પોતાની જ્ઞાન-બુદ્ધિની શક્તિ વાપરીને એક જ નિર્દોષ હિંદુસ્તાનીને છોડાવશે, તોય હું મારા ખર્ચેલા હજારો રૂપિયાને સફળ માનીશ.'

પૈસા તો વેશ્યા પણ કમાઇ-મેળવી શકે છે. એવા ધનની કિંમત શું? ચારિત્રને, સંસ્કારને, ખાન-દાનને કોરણે મૂકીને મેળવેલા ધનના ઢગલાની કોઈ કિંમત નથી. મારા દીકરાને હું ધન માટે નહીં, વિદ્યાર્જન માટે મોકલી રહ્યો છું. વિદ્યા; ધનના સંચય સંગ્રહ માટે નહીં, મુક્તિ માટે, સત્કાર્યો માટે હોવી જોઈએ. **સુકૃત વિનાની સંપત્તિ સાધનો આપશે, શાંતિ નહીં**, શાંતિવગરની કે અશાંતિવાળી જિંદગી શું કામની? **પૈસાનો સંગ્રહ ક્યારેય શાંતિ ન જ આપી શકે, પૈસાનો ત્યાગ જરૂર શાંતિ અને આનંદથી આત્માને ભરી શકે.** ધ

## ★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ - ૩ ★★★

**-પૂ. આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

શિલાસ્થાપન(ન્યાસ)વિધિની વિચારણામાં આગળ વધીશું.

સૌ પ્રથમ શિલાઓ બનાવવાની વાત વિચારીએ. શિલા એક-પાંચ અથવા નવ બનાવી શકાય.શિખરબદ્ધ જિનાલયમાં નવ શિલાઓ સ્થાપવી જોઈએ. ગૃહ જિનાલયમાં અથવા ઉપાશ્રયાદિમાં એક અથવા ચાર શિલા પણ સ્થાપી શકાય.

જિનાલયમાં સ્થાપવાની શિલાઓનાં માપ ગર્ભગૃહની રેખાના માપ પ્રમાણે રાખવાં જોઈએ. એ શિલાનાં માપમાં ચોથો ભાગ વધારીને બનાવે તો જ્યેષ્ઠ માનની શિલા થાય અને ચોથો ભાગ ઘટાડીને બનાવાય તો કનિષ્ઠ માનની શિલા થાય.કનિષ્ઠમાનની શિલા ક્યારેય ન જ બનાવવી.

નવ શિલાનાં નામ : ૧ નંદા ૨. ભદ્રા ૩. જયા ૪. રિક્તા ૫. અજિતા ૬.અપરાજિતા ૭.શુક્લા ૮. સૌભાગિની અને ૯. કૂર્મશિલા.(પ્રાચીન ક્ષીરાર્ણવ વગેરે ગ્રંથોમાં નવ ઉપરાંત ધરણી શિલા પણ બતાવી છે. તેને કૂર્મશિલાની સામે સ્થાપવા જણાવેલ છે. હાલ આ ધરણી શિલા બનાવાતી નથી. કેટલાક સોમપુરાઓ ધરણીશિલા અને કૂર્મશિલાને એક જ ગણાવે છે.)

ખાતમુહૂર્ત કર્યા બાદ અને શિલાન્યાસ પહેલાં જિનાલયનો પાયો પાણી અથવા પત્થર(ખડક)-કાંકરા આવે ત્યાં સુધી ઊંડો ખોદવો. પાયા ઉપરાંત ગભારાનો તો આખો ભાગ ખોદવો. તો જ મધ્યમાં કૂર્મશિલાની સ્થાપના થઈ શકે. નંદા વગેરે આઠ શિલાને ખુરશિલા પણ કહે છે.

જિનાલયો મુખ્યત્વે પત્થરમાંથી જ બનાવવામાં આવે છે. પત્થરનું આયુષ્ય (આવરદા) ખૂબ લાંબું છે. અલબત્ત, પત્થરમાં ઘણી જાત આવે છે. જિનાલયના



નિર્માણમાં શક્તિ હોય તો ઊંચામાં ઊંચો જ પત્થર વાપરવો જોઈએ. શિલા એ પાયાનો પ્રથમ પત્થર ગણાય છે. પત્થરના એક ટૂકડાને શિલા કહેવાય છે. માટે જ શિલા નામ રાખવામાં આવ્યું છે. શિલા એટલે પાષાણ ખંડ.જિનાલયમાં વપરાતાં તમામ પાષાણ ખંડો પૂજનીય ગણાય છે. તેને પૂજનીય બનાવવા માટે અભિષેકાદિ યથાયોગ્ય પૂજાવિધિ થાય છે. મંત્રાદિનો ન્યાસ કરવામાં આવે છે. શિલાના અભિષેકમાં પંચામૃતનું ખાસ વિધાન છે. પંચામૃતમાં ઉપદ્રવોને હણવા વગેરેની વિશિષ્ટ શક્તિ છે. પાષાણ-ખંડમાં રહેલી અશુદ્ધિ પણ અભિષેકથી દૂર થાય છે.વિશિષ્ટ મંત્ર ન્યાસ કરવાથી પૂજનીય બને છે. અંતે સંપૂર્ણ જિનાલયના અભિષેક પણ પ્રતિષ્ઠા પૂર્વે કરાવાય છે, જેને પ્રાસાદ અભિષેક વિધાન કહેવાય છે.

ઘણે ઠેકાણે પ્રાસાદ અભિષેકનું વિધાન કરવામાં પ્રમાદ કરાય છે. અથવા આંખ આડા કાન કરાતા હોય; તેવું જોવા મળે છે. વળી, કયારેક જિનાલયનાં શિખર વગેરે પૂરાં બન્યાં ન હોય ત્યારે જ પ્રતિષ્ઠા કરી દેવાય છે. તેના કારણે પ્રાસાદ શિખરના અભિષેક થતા નથી. એક વાર પ્રતિષ્ઠા થયા પછી તો આ કાર્યો(અધૂરાં) પૂરા કરવાનો ઉપયોગ કોઈ રાખતું નથી. વિધિકારો પણ લક્ષ રાખતા નથી, સૂચના કરતા નથી, પ્રતિષ્ઠા થઈ જાય એટલે 'હાશ' નો અનુભવ થવા સાથે કાર્યોની 'ઇતિશ્રી'માની લેવાય છે. વિધિ-વિધાનો પૂરાં ન થવાના યોગે કે અધૂરાં રહેવાનાં કારણે પાછળ ઘણાં નકારાત્મક પરિણામો ભોગવવાં પડે છે.પ્રતિષ્ઠા થયા બાદ વિઘ્ન વગેરે તકલીફો આવે ત્યારે તેનાં કારણો - ઉપાયો શોધવા નીકળે છે.

**(ક્રમશઃ)** ધ

## ચાતુર્માસ - નિર્ણય

પૂ.ગુરુદેવ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા. ૩ તથા પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ નું વિ.સં.૨૦૭૭, સન્-૨૦૨૧ ના ચાતુર્માસ માટે સુરાણા પરિવાર (માઈક્રોલેબ) ની વિનંતિથી અને પૂ.ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી પાર્શ્વસુશીલધામ - બેંગલોરની જય બોલાઈ છે.

**પાર્શ્વસુશીલધામ, સર્વે નં.૨૬/૨ સુરાણાનગર, હોસુરરોડ, પોસ્ટ નેરલુર, અત્તીબેલે, તા.અનેકલ, બેંગ્લોર - ૫૬૨૧૦૭ (કર્ણાટક)**

**હિતેશ : ૯૪૨૯૦૨૨૦૨૨**

## સામાન્ય જીવોની વાત શું કરવી ?

**तित्थयरा गणहारी, सुरवइणो चक्किकेसवा रामा ।**

**संहरिया हयविहिणा, सेसजीयाणं तु का वत्ता ?।।**

ધુરંધર ગણાતા - મહાન ગણાતા તીર્થંકર ભગવંતો, ગણધરભગવંતો, ઈન્દ્રો, ચક્રી - વાસુદેવ-બલદેવો પણ યમરાજના જડબામાં જતા હોય તો બાકીના સામાન્ય જીવોની વાત જ ક્યાં કરવી ?